રોકાણ પર વ્યાજનો દર

**રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા**
**કેન્દ્રીય કાર્યાલય**
**બેકિંગ પરિચાલન અને વિકાસ વિભાગ**
**સેન્ટર - 1, વર્લ્ડ ટ્રેડ સેન્ટર**
**કફ પરેડ, કોલાબા, મુંબઈ 400 005**

19, એપ્રિલ 2001
ચૈત્ર 29,1923(શક)

ડી બી ઓ ડી નં. ડી આઈ આર બી સી 104/13.03.00/2000-01

**રોકાણ પર વ્યાજનો દર**

બેંકિંગ રેગ્યુલેશન એકટ, 1949 ની કલમ 21 અને 35 એ આધારે ડિરેકિટવ ડી બી ઓ ડી નં. ડી આઈ આર બી સી 46/13.03.00/2000-2001 તા. 4, નવેમ્બર 2000 માં થોડા સુધારા રિઝર્વ બેંક જાહેર જનતાના હિત માટે અહીં સૂચવે છે.

i) દર્શાવેલ ડિરેકિટવના પરિશિષ્ટ I ની જગ્યાએ ફેરવિચારણા કરેલું પરિશિષ્ટ રાખવું.

ii) આ ડિરેકિટવના ફકરા 22નો કલોઝ (સી) નીચે મુજબ બદલવો :

(સી) એકમ વધુ ડિપોઝીટ એક જ તારીખે પાકતી હોય ત્યારે તેના વ્યાજની ચૂકવણીને અલગ પાડવા માટે પછી તે ભલે અલગ બેંકોના અલગ ઓફિસે ચૂકવવાનું થતું હોય આવે વખતે સિનિયર સિટીઝન માટેની ફિકસ્ડ ડિપોઝીટ યોજના ઊંચા વ્યાજના દરની ઓફરવાળી છોડીને અન્યમાં તેની સાઇઝ મુજબ અલગ અલગ વ્યાજ ચૂકવવાનું રહેશે. કોઇપણ સાઇઝ અને સિંગલ ટર્મ ડિપોઝીટ 15 લાખની કે તેથી વધુ હોય અને વ્યાજના દરમાં ફેર હોય તો ડિપોઝીટની સાઇઝના પાયા પર તેના વ્યાજની ચૂકવણી થશે. આ માટેની મંજૂરી બાબતે નીચેની શરતોનું પાલન આવશ્યક છે.

i) એક જ દિવસે પાકતી ડિપોઝીટ માટે અલગ-અલગ વ્યાજના દરની ચૂકવણીની મંજૂરી ફકત 15 લાખ અને તેનાથી ઉપરની સિંગલ ટર્મ ડિપોઝીટ પર જ લાગુ પડશે. આથી બેંકે રૂ. 15 લાખ અને તેનાથી ઉપરની ડિપોઝીટ પર સમાન અથવા અસમાન દરે વ્યાજ ચૂકવી શકે. રૂ. 15 લાખની નીચેની રકમની ડિપોઝીટ એક જ દિવસે પાકતી હોય તો તેના સમાન દરે વ્યાજની ચૂકવણી થશે.

ii) વ્યાજના દર ચૂકવવા પાત્ર કેટલાં થશે તે વિષેનું શેડયૂલ બેંકે અગાઉથી બહાર પાડવાનું રહેશે, જેમાં અલગ અલગ વ્યાજ કઇ ડિપોઝીટમાં મળશે તે પણ દર્શાવવું. બેંકે શેડયૂલ મુજબ વ્યાજના દર ચૂકવવાના રહેશે અને તે બાબતે રોકાણકાર અને બેંક વચ્ચે કોઇ વાટાઘાટ થઇ શકશે નહીં.

iii) આ ડિરેકિટવના ફકરા 9 નો કલોઝ (i) નીચે મુજબ બદલવો :

(i) રોકાણકારની વિનંતીને આધારે ડિપોઝીટની નિયત અવધિ અગાઉ તે ઉપાડવાની રોકાણકારને બેંક મંજૂરી આપી શકે, પરંતુ આ માટે ડિપોઝીટ કરતી વખતે જ ચોખવટ કરવાની રહેશે. ટર્મ ડિપોઝીટની અવધિ પૂર્ણ થયા અગાઉ આવા વિડ્રોઅલ વખતે બેંકેને તેના પોતાના પેનલ રેટ નક્કી કરવાની સ્વતંત્રતા છે. આ બાબતે બેંકે ખાતરી આપવાની રહેશે કે પેનલ રેટ વિશે ગ્રાહકને અગાઉથી જાણ કરવામાંઆવી છે. જોકે, વ્યકતિગત રોકાણકારકે હિન્દુ સંયુકત કુટુંબ સિવાયની કોઇ અન્ય સંસ્થાનું મોટું રોકાણ હોય તો તેવા સંજોગોમાં અવધિ અગાઉ ડિપોઝીટની ચૂકવણીની બેંકને મંજૂરી નથી. આવા સંજોગોમાં બેંકે ડિપોઝીટ લેતી વખતે જ તેને અધવચ્ચે ચૂકવણી નહી થાય તેની જાણ કરી દેવાની રહેશે.

iv) ફકરા 11 નો કલોઝ (i) નીચે મુજબ બદલવો :

(i) બેંક પોતાની મરજી પ્રમાણે ઓવરડયુ ડિપોઝીટ રિન્યુ કરી શકશે અથવા તેનો અમુક હિસ્સો રિન્યૂ કરી શકશે. જેમાં એવી શરત રહેશે કે પાકતી મુદતની તારીખથી ઓવરડયુનો સમયગાળો

રિન્યુઅલ સુધીની તારીખ સુધી (બંને દિવસને ગણતરીમાં લેતા) 14 દિવસથી વધારે ન હોય અને આ રીતે રિન્યુ કરાતી રકમ પર ચૂકવવા પાત્ર વ્યાજ પાકતી મુદતની તારીખે પ્રવર્તમાન હોય તો રીતે રહેશે. જેમાં ઓવરડયુ સમયગાળો 14 દિવસ કરતા વધારે હોય તેમાં ડિપોઝીટર જો આખી રકમની અથવા ઓવરડયુનો અમુક હિસ્સો ફ્રેશ ટર્મ ડિપોઝીટ તરીકે મૂકે તે બેંક પોતાના વ્યાજના દર આ રીતે ફ્રેશ ડિપોઝીટ તરીકે મૂકાયેલી રકમ પર ઓવરડયુના સમયગાળા માટે લાગુ પાડી શકશે.

**2.** તા. 4 નવેમ્બર, 2000 ના ડિરેકિટવ ડી બી ઓ ડી નં. ડી આઈ આર બી સી 46/13.03.00/2000-2001 ની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

કે. એલ. ક્ષેત્રપાલ

કાર્યપાલક નિદેશક

## <u>પરિશિષ્ટ</u>

ડોમેસ્ટિક / ઓર્ડિનરી નોન-રેસિડેન્ટ / નોન-રેસિડેન્ટ સ્પેશિયલ રૂપિ એકાઉન્ટસ

| **ખાતાનો પ્રકાર** | વ્યાજનો દર |
|---|---|
| (i) ચાલુ | શૂન્ય |
| (ii) બચત | 4.0 |
| (iii) ટર્મ ડિપોઝીટસ | |
| એ) રૂ. 15 લાખથી નીચે | |
| 15 દિવસ કે વધુ | નિ:શુલ્ક |
| બી) રૂ. 15 લાખથી વધુ | |
| 7 દિવસકે વધુ | નિ:શુલ્ક |